**IIT-Gnમાં ડે કેર સેન્ટર દ્વારા કરાવાતી એક્ટિવિટી અંતર્ગત**

# નાનાં ભૂલકાંઓએ વાવેલાં ફ્રૂટ્સ અને વેજિટેબલ્સનું વેચાણ થયું

અમદાવાદ : આઈ.આઈ.ટી.ગાંધીનગર ખાતે તેમના ફેકલ્ટી મેમ્બરનાં સંતાનો માટે ડે કેર સેન્ટર શરૂ કરાયું છે. ડે કેસેન્ટરમાં નાનાં નાનાં ભુલકાંઓને પ્રવૃત્તિમય રાખવા વિવિધ એક્ટિવિટી કરાવવામાં આવે છે. એક વર્ષ અગાઉ કિડ્ઝ સપોર્ટેડ એગ્રીકલ્ચર (કે.એસ.એ) હેઠળ તેઓને ફાર્મિંગ શીખવાડવામાં આવ્યું હતું જે અંતર્ગત વિવિધ ઈન્ટરેક્ટિવ સેશન્સ યોજવામાં આવ્યાં હતાં જેનાથી તેઓને વેજીટેબલ્સ, ફ્રૂટ્સ, અને તેઓની લાઈફ સાઈકલ, ફાર્મર્સ અને વેન્ડર્સના ઈફર્ટ્સ જેવા પાસાંઓને આવરી લેવાયાં હતાં. તેઓએ કોઓર્ડિનેટર્સના સુપરવિઝનમાં જમીનમાં બી વાવાની સાથે તમામ એક્ટિવિટી કરી હતી. ઉપરાંત આ ફ્રૂટ અને વેજીટેબલ તૈયાર થઈ ગયા બાદ આસપાસનાં રહેણાંક વિસ્તારોમાં તેનું વેચાણ પણ કરાયું હતું.



## છોકરાઓ ફાર્મિંગ શીખવા માટે આતુર

ડે કેર સેન્ટરના પૂનમ મુથાએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે છોકરાઓ નાના હોવા છતાં તેઓ ફાર્મીંગ અને પ્લાન્ટેશનમાં વધુ રસ લે છે. તેઓ ખેતી રિલેટેડ દરેક બાબતને આતુરતા પૂર્વક જાણવા અને શીખવા માંગતા હોય છે. આ ઉનાળામાં તેઓ તરબૂચ અને ટેટી વાવવા વિચારી રહ્યા છે. નાના ભૂલકાઓને આ એક્ટિવિટી તેમના જ્ઞાનમાં વધારો કરશે.

## ફેકલ્ટીનાં છોકરાઓ માટે કમ્યુનિટી ઇનિશિએટીવ શરૂ કરાયું

IITGnનાં ડાયરેક્ટર પ્રો.સુધિર કે. જૈને જણાવ્યું હતું કે આ કમ્યુનિટી ઇનિશિએટીવ શરૂ કરવા મારી પાસે ફેકલ્ટીનાં ઘણાં યંગ સ્ટાફે અપ્રોચ કર્યો હતો. વર્ષ ૨૦૧૪માં ડે કેર સેન્ટર શરૂ કરાયું. અત્યારે અમારી પાસે ૨૫ જેટલા નાના ભૂલકાઓને એડમિશન આપવામાં આવેલ છે. ડે કેર સેન્ટરમાં આર્ટ, ક્રાફ્ટ, યોગ, એરોબિક્સ, કુકીંગ, જિમ્નેસ્ટિક, સેન્ડ એન્ડ વોટર પ્લે જેવી પ્રવૃત્તિ કરાવવમાં આવે છે.



**Title: નાના બ્લકોવોયે વાવેલા ફ્રૂઈટ્સ અને વેજિટેબલ્સ વેચાણા થયા**

**Source: Snadesh/City Life Page No-4**
**Date: 27.04.2017**